## માર્ચ-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

નમસ્તે મિત્રો,

આપણી પરિષદમાં વિવિધ વિભાગમાં કામ શરૂ થયું છે.

તા.23-1-2021ના રોજ 'જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા'નું વ્યાખ્યાન સાહિત્ય પરિષદમાં થયું. કાર્યક્રમના આરંભમાં પરિષદ પ્રમુખશ્રી પ્રકાશ ન. શાહે સાહિત્યિક કાર્યક્રમના આરંભનો આનંદ વ્યક્ત કર્યો. પરિષદના પ્રસારમંત્રીશ્રી ધ્વનિલ પારેખે 'જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા'નો પરિચય કરાવીને વક્તાશ્રી રમેશ ર. દવે વિશે શ્રોતાઓને જાણકારી આપી. રમેશ દવેએ વાર્તાકાર તરીકેની પોતાની કેફિયત રજૂ કરી. એમના વ્યાખ્યાનમાં વાર્તાલેખન માટે જરૂરી કૌશલ્યો વિશે વિવિધ નિદર્શનો સાથે રજૂઆત થઈ. વાર્તાસર્જનમાં બહોળું વાંચન, સંવેદન, કલ્પના, વાર્તામાં કહેવતો, રૂઢિપ્રયોગોનો ઉપયોગ, પાત્રોની ભાષા વગેરે જેવા મુદ્દાઓ વિશે ચર્ચા થઈ હતી. કાર્યક્રમમાં સર્વશ્રી સંજય ચૌધરી, કંદર્પ દેસી, પારૂલ દેસાઈ, ભારતી દવે, મનીષ પાઠક જેવા સર્જકમિત્રોએ ઉપસ્થિત રહીને ચર્ચામાં ભાગ લીધો હતો. વક્તાના આભાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આજીવન સભ્યમિત્રો આજીવન સભ્યપદ સુધારણા યાદી માટેના ફૉર્મ મોકલી રહ્યા છે. સમયસર ફૉર્મ ભરી મોકલી આપવા સાદર વિનંતી છે. સભ્યપદ સુધારણા ફૉર્મની સાથે ઘણા મિત્રો પરિષદ માટે આર્થિક સહાય મોકલી રહ્યાં છે. સહાયક બનનારા સૌ મિત્રો માટે સાનંદ આભારની લાગણી થાય છે.

પરિષદને આર્થિક સહાયની સાથે સમયદાનની પણ જરૂર છે. આપનામાંથી કોઈ મિત્રો સમયદાન આપવા ઈચ્છતા હોય તો જરૂર સંપર્ક કરો.

સમયદાન સંદર્ભે થોડી સ્પષ્ટતા કરું. જે મિત્રો કમ્પ્યુટરના જાણકાર હોય, જેમને પ્રૂફવાચનમાં રસ હોય જેમને ગ્રંથાલયમાં પુસ્તક ગોઠવણીમાં રસ હોય એવા મિત્રો સાથે બેસીને ચર્ચાકરીને તેમની સેવાનો લાભ લઈશું.

આપણે 'ભાષાકૌશલ્ય અને અભિવ્યક્તિકલા'નો કોર્સ પણ શરુ કરવાનું વિચારીએ છીએ. આ વિષયના નામી તજ્જ્ઞોએ પરિષદપ્રેમને કારણે સેવા આપવાનો ઉત્સાહ બતાવ્યો છે. કારોબારી સમિતિના સભ્યોની મંજૂરી પછી આપણે આ પ્રવૃત્તિ શરૂ કરીશું. કોર્સમાં સહભાગી થવા માટેના નિયમ અને આ કોર્સથી થનારા લાભ વિશે હવે પછીના પરિષદવૃત્તમાં જાણ કરીશું.

આ ઉપરાંત જે વિદ્યાર્થીમિત્રો સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માગતા હોય તેમને માટે ગુજરાતી વ્યાકરણ, છંદ, અલંકાર, જોડણી, સંધિ – આ બધી જ સજ્જતા કેળવવાની સુવિધા પરિષદમાં ઉપલબ્ધ

થાય એવી વ્યવસ્થાનું આયોજન કરવાનું પણ વિચાર્યું છે. 'લેખક સાથે સંવાદ અને સેલ્ફીનો સંયોગ' એવો એક વિભાગ કરવાની પણ ઇચ્છા છે.

પ્રસ્તુત આયોજનમાં આપ સૌના સહકારની અપેક્ષા સાથે સૌને સ્મરણ.